# આસપાસ ચોપાસ

## પ્રાથમિક શાળામાં નવા મકાન સાથે શૈક્ષણિક સુવિધા, રમતગમત સંકુલ વગેરે વ્યવસ્થા સહજતાથી ઉપલબ્ધ છે



**ડાલી**

**વર્ષ 1947માં બીજી જુનના રોજ ડાલી ગામમાં પ્રાથમિક શિક્ષણની શરૂઆતકરવામાંઆવી હતી**

ડાલી ગામની ભાગોળ વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળામાં ઘણા વર્ષોથી ગુણવત્તાપૂર્ણ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. અહીં અભ્યાસ કરનાર અનેક વિદ્યાર્થીઓએ આગળ ઊંચું શિક્ષણ મેળવી પોતાની કારકિર્દી ઉજ્જવળ બનાવી છે. આ શાળાઓમાં માત્ર પાઠ્યપુસ્તક આધારિત અભ્યાસ જ નહીં, પરંતુ બાળકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ પણ યોજવામાં આવે છે. દરેક બાળકની ક્ષમતાઓને બહાર લાવીને તેને યોગ્ય દિશા આપવાનું કામ શાળા દ્વારા કરવામાં આવે છે. શાળામાં શિક્ષણની ગુણવત્તા જાળવવા તથા બાળકોમાં વિવિધ કૌશલ્ય વિકસાવવા માટે અલગ અલગ સમિતિઓ બનાવવામાં આવી છે. જેમાં વક્તૃત્વ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ખેલકૂદ, વિજ્ઞાન વર્તુળ, સફાઈ, શિસ્ત, શાળા પંચાયત સહિતની સમિતિઓ કાર્યરત છે. આ સમિતિઓ દ્વારા સમયાંતરે બાળકો માટે વિવિધ કાર્યક્રમો અને સ્પર્ધાઓ યોજવામાં આવે છે. ગામ વિસ્તારમાં હજુ કેટલીક મૂળભૂત સુવિધાઓ માટે સંઘર્ષ હોવા છતાં અહીં ધોરણ ૧ થી ૮ સુધીનું પ્રાથમિક શિક્ષણ ગામમાં જ ઉપલબ્ધ છે. સરકારી પ્રાથમિક શાળા બાળકોને પાયાનું ઉત્તમ શિક્ષણ આપે છે. શાળામાં નવા મકાન સાથે પીવાનું પાણી, મધ્યાહન ભોજન જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. શિક્ષકો નિયમિત રીતે પોતાની ફરજ બજાવી બાળકોના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા સતત પ્રયત્નશીલ રહે છે.

### વિકાસકાર્યોઅનેશૈક્ષણિકકાર્યોનીસજાગતામાટેએસએમસી

શાળા ખાતે એસ એમ સી સમિતિ પણ કાર્યરત છે. જે શાળામાં વિકાસકાર્યો અને શૈક્ષણિક કાર્યો બાબતે સજાગતા રાખે છે. જેમાં પરમાર વિજયભાઈ મનુભાઈ- અધ્યક્ષ, ગોહિલ ગણપતસિંહ સોમાભાઈ- સભ્ય સચિવ, સિંધા ભારતસિંહ સોમાભાઈ -શિક્ષણ વિદ, પરમાર સોનલબેન દિલીપભાઈ - સભ્ય, પરમાર રેખાબેન વિષ્ણુભાઈ - સભ્ય, પરમાર અર્જુનભાઈ ગગજીભાઈ- સભ્ય, પરમાર ભુપેન્દ્રસિંહ ભગવાનસિંહ - સભ્ય, રાઠોડ દિનેશભાઈ અર્જુનભાઈ- સભ્ય, પરમાર બિપીનભાઈ - સભ્ય, સોલંકી ભુપતસિંહ ઉદેસિંહ- સભ્ય, સિંધા ધર્મિષ્ઠાબેન ધર્મેન્દ્રભાઈ - સભ્ય, સિંધા હર્ષદભાઈ માનસિંહ - સભ્ય, ગરાસિયા રાજુભાઈ મહિપતસિંહ - સ્થા. કડીયા નિયુક્ત છે.


### શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ માટે સમિતિઓની રચના

(1) વક્તૃત્વ સ્પર્ધા સમિતિ
(2) સાંસ્કૃતિક પ્રવૃત્તિ સમિતિ
(3) સુશોભન સમિતિ
(4) ખેલ-કૂદ સમિતિ
(5) સફાઈ સમિતિ
(6) પરીક્ષા સમિતિ
(7) વિજ્ઞાન વર્તુળ
(8) પ્રવાસ-પર્યટન સમિતિ
(9) પ્રાર્થના સમિતિ
(10) શિસ્ત સમિતિ
(11) સમય પત્રક સમિતિ
(12) શાળા પંચાયત,

### શાળામાં ચાલતી પ્રવૃત્તિઓનો નિર્દેશ

શાળામાં વર્ષ દરમ્યાન શૈક્ષણિક સત્રમાં બાળકો સાથે વિવિધ પ્રવૃત્તિઓ આયોજીત કરવામાં આવે છે. જેમાં પ્રાર્થનાસભા, સફાઈ, સાંસ્કૃતિક કાર્યક્રમ, રમતોત્સવ, વિજ્ઞાન મેળો, બાળ મેળો, બાગાયત પ્રવૃત્તિ, પતંગોત્સવ, વકતૃત્વ સ્પર્ધા, વૃક્ષારોપણ, મહેંદી હરિફાઇ, રંગોળી સ્પર્ધા, ખેલ મહાકુંભ સ્પર્ધા, નવરાત્રી, રામ હાર્ટ,અક્ષયપાત્ર, નવોદય,ચિત્રકામ, NMMS પરીક્ષા, આરોગ્ય તપાસણી કાર્ય શાળા કક્ષાએ કન્યા કેળવણીના ઉત્તેજન માટે થતી પ્રવૃત્તિઓ મહિલા સંમેલન, ગરબા હરિફાઇ, રમત ગમત સ્પર્ધા, પતંગોત્સવ, બેટરી સ્પર્ધા, કેશ ગુથણ, જેન્ડર એજયુકેશન પ્રવૃતિ, શારીરિક સ્વાસ્થ્ય તાલીમ છે.

## ગામમાં દરેક ઉત્સવો એકતા અને સમરસતાથી ઉજવવામાં આવે છે









ડાલી ગામમાં વિવિધ વિસ્તારોમાં ઘણા બધા ધર્મસંસ્થાઓ અને સ્થળો આવેલા છે. આ દરેક સ્થળોએ પરંપરાગત રીતે ધર્મની પ્રણાલી મુજબ દરેક તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. શ્રધ્ધાળુ સમુદાય દ્વારા નવરાત્રી, હોળી, ધુળેટી, જન્માષ્ટમી, રામનવમી સહિતના તહેવારો ખુબ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવે છે. ગામની ઉગમણા ભાગમાં આવેલ વિવિધ દેવ મંદિર આવેલ છે . જ્યાં ગામના તમામ જ્ઞાતિના લોકો નિયમિત દર્શનાર્થે આવે છે. લોક માન્યતા મુજબ અહીં માંગો તે ઈચ્છા પુરી થાય છે. આ ભાગોળમાં સવાર સાંજ મંદિરોની આરતીના રણકાર મધુર ગીતોથી સૌ માટે આત્મીયતા ખીલી ઉઠે છે. મંદિરમા થતી આરતીની ઝાલરોના રણકાર ભાગોળના વાતાવરણને ખુબ જ આધ્યાત્મિક બનાવી દે છે. ગામની વિશેષ બાબતમાં એકતા અને સમરસતા છે. ગામના દેવસ્થાનોમાં શ્રી નીલકંઠ મહાદેવજી, શ્રી રામદેવજી મંદિર, શ્રી ભાથીજી મહારાજ મંદિર, શ્રી સ્વામીનારાયણ મંદિર, શ્રી હરસિધ્ધિ માતાનુ શિખરબંધી મંદિર, શ્રી અંબાજી માતા, શ્રી ખોડીયાર માતા, શ્રી કાળકા માતા મંદિર છે.

ડાલી ગામ ખાતે હરસિધ્ધિ માતાજીનું ખૂબ જ સુંદર અને ભવ્ય મંદિર આવેલું છે, મંદિર ખાતે અનેકવિધ ધાર્મિક ઉત્સવોની ઉજવણીઓ કરવામાં આવે છે, પરંપરાગત રીતે દર વર્ષે પાટોત્સવનો ખૂબ જ રૂડો મહિમા છે, જ્યાં માતાજીના દિવ્ય પાટોત્સવની દર વર્ષે ઉજવણી કરવામાં આવે છે . નવરાત્રી તહેવારની ઉજવણી અંતર્ગત રાસ ગરબાનું સુંદર આયોજન કરવામા આવે છે , જેમાં હર્ષોલ્લાસ સાથે ખૂબ જ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો તથા ગ્રામજનોએ જોડાઈને માતાજીના નીજ મંદિરના દર્શન કરીને ધન્યતા અનુભવે છે. દેવ મંદિરોમાં ગામના શ્રદ્ધાળુઓ અતુટ આસ્થા ધરાવે છે. ગામમાં હરસિધ્ધિ માતાનું સુંદર મંદિર આવેલું છે. ગામમાં પ્રવેશતા જ નયનરમ્ય મંદિર જણાય આવે છે. ગામના દરેક મંદિરોમાં દરરોજ સવાર-સાંજ બંને સમયે પુજારીઓ અને સ્થાનિક રહીશો દ્વારા નિત્યક્રમ મુજબ પુજા-આરતી કરવામાં આવે છે. ગામમાં વસવાટ કરતા તમામ જાતિના લોકો ખુબ આસ્થા સાથે વર્ષ દરમ્યાન વિવિધ ધાર્મિક તહેવારોની ખુબ સંપ અને એકતાથી આસ્થા પૂર્વક ઉજવણી કરે છે. ગામમાં ઉજવાતા મુખ્ય તહેવારોમાં નવરાત્રી, દિપાવલી, નૂતનવર્ષ, જન્માષ્ટમી, રામનવમી, હનુમાન જયંતિ, શનેશ્વર જયંતી વગેરે વાર તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીમાં ગામની તમામ જાતિના લોકો ઉપસ્થિત રહી આનંદ સાથે ઉજવણી કરે છે.

## ખેડૂતો ગામમાં મધ્યમ-કાળી, રેતાળ-ગોરાડુ, ભાઠાની, જમીનમાં ખેતીપાકોનું વાવેતર કરી આર્થિક ઉપાર્જન મેળવે છે

ગુજરાતમાં બિનપિયત ઘઉંની ખેતીથી જાણીતો બનેલો સમભૌગોલિક સંજોગ ધરાવતા મહીકાંઠા જાણીતું ડાલી ગામ અનેકવિધ વિશેષતા ધરાવતું ગામ ગણાય છે. ગામની જમીન પર ઢાળ ઢોળાવ અસમાન હોવા છતાં ભૂગર્ભ કૂવાઓ થકી ખેતરોમાં હરિયાળી ક્રાંતિ આવી છે. ભૂગર્ભજળની સરેરાશ ઊંડાઈ 100-150 મીટર જેટલી છે. અહીંથી મેળવાતું પાણી મોટેભાગે તો ખારું હોય છે, જોકે કોઈક વખતે ક્યાંક ટૂંકા સમયગાળા માટે મીઠું પાણી મળી જાય છે. તેના કારણ માટે તે પ્રદેશના ખડકસ્તરોની સંરચના જવાબદાર ગણાવી શકાય. અહીંના સ્થાનિક લોકો વરસાદથી મીઠું પાણી મેળવે છે, પરંતુ તે અમુક સમયગાળા પૂરતું જ મળે છે.ખારી જમીન બનવામાં



આ સૂકા પ્રદેશમાં વરસાદ વરસવા કરતાં બાષ્પીભવનની ક્રિયા વધુ ઝડપી હોવાને કારણે જમીનમાં ક્ષારોનું પ્રમાણ એકત્રિત થતું જાય છે. જમીનના પડમાં રહેલા ક્ષારો કેશાકર્ષણથી ઊંચા સ્તરે આવે છે, જેથી જમીનની ક્ષારતા વધી જાય છે.. કોઈક જગાએ કાંપની જમીન પણ જોવા મળે છે. સામાન્ય રીતે ડાલી ગામમાં મધ્યમ-કાળી, રેતાળ-ગોરાડુ, ભાઠાની, પથરાળ અને દરિયાકિનારાની જમીનો જોવા મળે છે જમીનમાં ક્ષારપ્રમાણ વધુ અને વરસાદ ઓછો પડતો હોવાથી, વનસ્પતિનું પ્રમાણ પણ ઘણું જ ઓછું છે. ખેતી બિનપિયત છે. અહીં મુખ્યત્વે ઘઉં, તમાકુ, જુવાર, બાજરી અને ચણાનું વાવેતર થાય છે. ખેડૂતોને પણ ઘઉં-તમાકુની ખેતીમાં જ વધુ રસ હોય છે. તે જો નિષ્ફળ જાય તો જ તેઓ ચણાનું વાવેતર કરે છે. જુવાર-બાજરીનું પણ વાવેતર તે જ ગાળામાં થાય છે. જુવાર-બાજરીના વાવેતરનો તેમનો હેતુ પ્રાણીઓના ખોરાક માટેનો હોય છે. આમ મહીકાંઠા પ્રદેશ મુખ્યત્વે તો બાજરી તમાકુ ડાંગર માટે જાણીતો છે. આ પ્રદેશમાં ઉત્તમ બિયારણ, રાસાયણિક ખાતરનો ઉપયોગ, આધુનિક યંત્રો અને વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉત્પાદનના વધારા માટે પ્રયાસો થઈ રહ્યા છે.

## યુવાનોની દીર્ઘદ્રષ્ટિથી સેવાકીય પ્રવૃત્તિઓથી લોકહિતની અનેકવિધ કામગીરી કરાય છે



ડાલી ગામમાં હાલના સંજોગોમાં શિક્ષિત અને જાગૃત યુવકોના સંગઠનના કારણે ગામના યુવક મંડળ સહિત વિવિધ ગૃપ અને સામાજિક સંગઠનો અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ સાથે મહીં પંથકમાં ખુબ જ જાણીતા છે. યુવક મંડળના યુવાનો ખૂબ સારુ કામ કરે છે. પૌરાણિક નીલકંઠ મહાદેવ મંદિર અને ભાથીજી મહારાજ મંદિર, બળીયાદેવ મંદીર, હરસિધ્ધિ માતાજી, મેલડી માતાજી, અંબાજી માતાજી વગેરે ધાર્મિક સ્થળે યુવાનોની જહેમતથી થયો છે. દાતાઓ દ્વારા ઉદારતાથી દાન આપવામાં આવે છે. ગામના તમામ લોકોની ઉપસ્થિતિમાં દર વર્ષે મંદીરના પાટોત્સવ પણ ધામધૂમથી ઉજવાય છે. ગામમાં કોઈ જ પ્રકારની હુંસાતુંસી ક્યારેય પણ થયેલ નથી. યુવાનોની એકતા માટે ડાલી ગામ પંથકમાં ખુબ જ જાણીતુ બન્યુ છે. ડાલી ગામમાં તમામ સમાજના દરેકે દરેક યુવાનો , આગેવાનો ખભેખભા મિલાવી ગામના તમામ ધાર્મિક સામાજિક સહીતના વિવિધ પ્રસંગોમા અરસપરસ મદદરુપ થાય છે.

## ડાલી ગામની દુધ મંડળી છેલ્લા 62 વર્ષથી પશુપાલકો માટે આર્થિક આત્મનિર્ભરતાનું કેન્દ્ર રહ્યુ છે



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)

બોરસદ તાલુકાના ડાલી ગામે પશુપાલકો અને ખેડૂતોની આર્થિક પરિસ્થિતિની સદ્ધરતા પામવા માટે આવકનો સ્ત્રોત દુધાળા પશુઓ છે. દુધાળા પશુઓનું દુધ ડાલી દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં સવાર- સાંજ બંને સમયે જમા કરાવીને ગામના લોકો પોતાનું ભરણપોષણ અને સામાજીક પ્રસંગોનું આયોજન પરીપૂર્ણ કરે છે. સાથે સાથે પોતાના બાળકો માટે શૈક્ષણિક જરૂરીયાતો પણ સંતોષવા માટે દુધ મંડળીની મળતી આવક પર નિર્ભર રહે છે. દુધ મંડળીના સેક્રેટરી અર્જુનભાઈ ચંદુભાઈ પરમારના જણાવ્યા મુજબ ડાલી દુધ મંડળીની સ્થાપના13-10-1958ના રોજ કરવામાં આવી હતી. ડાલી દુધ મંડળીના કુલ સભાસદોની સંખ્યા 1200 ઉપરાંત છે. વર્ષ 2025-26 દરમ્યાન સભાસદોએ દુધાળા પશુઓનું દુધ મંડળીમાં દુધાળા પશુઓનું કુલ દુધ 16,53,300 લીટર જમા કરાવાયું હતું. દુધ મંડળીના ચેરમેન રમેશભાઈ ગણપતભાઈ સિંધાની અધ્યક્ષ સ્થાને યોજાયેલ સાધારણ સભામાં વર્તમાન વર્ષે નક્કી થયા મુજબ દુધ મંડળીના સભાસદોને 26% બોનસ વિતરણ કરવામાં આવ્યું છે. જેની ફાળવણી વ્યવસ્થાપક કમિટી દ્વારા પેટા કાયદા મુજબ કરેલ છે. દુધ મંડળીની વ્યવસ્થાપક કમિટીમાં પાંચ વર્ષની સમય મર્યાદા માટે 11 સભ્યો વહીવટી કામકાજ સંભાળી રહેલ છે. જેમાં ચેરમેન રમેશભાઈ ગણપતભાઈ સિંધા, વાઈસ ચેરમેન કનુભાઈ પુજાભાઈ પરમાર કાર્યરત છે. જ્યારે વ્યવસ્થાપક કમિટીના સભ્ય તરીકે દિલીપસિંહ છત્રસિંહ સિંધા, દિનેશભાઈ બબુભાઈ સિંધા, મફતભાઈ મુળજીભાઈ પરમાર, અશોકભાઈ લક્ષ્મણભાઈ પરમાર, ગગાભાઈ કેસરીસિંહ પરમાર, રામસિંહ ખુમાનસિંહ પરમાર, અરવિંદભાઈ નરેન્દ્રભાઈ હરિજન, નયનાબેન વિનોદભાઈ પરમાર અને લીલાબેન હસમુખભાઈ પરમાર ચુંટાઈ આવેલ છે.